કલમ–૪ (૧) (ખ)(૨)

<u>પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો:–</u>

### ❖ <u>માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ :–</u>

- મહાનગરપાલિકા સંચાલિત તમામ માર્કેટો, કતલખાનાઓ, ઢોર ત્રાસ અંકુશ વિભાગ, ઢોર ડબ્બાઓ, એનીમલ બર્થ કન્ટ્રોલ સેન્ટર (એ. બી. સી. પ્રોગ્રામ) અને પ્રાણી સંગ્રહાલયના દૈનિક વહીવટ, નિયમન, નિયંત્રણ અને નિતિ વિષયક બાબતને લગતી તમામ કામગીરી.

- કૃષિ, પશુ ચિકિત્સા અને પશુપાલનના વિષયને લગતી તમામ કામગીરી.

- વેટરનરી હાઈજીન પબ્લીક હેલ્થની તમામ પ્રકારની કામગીરી.

- સુરત શહેરમાં ખાનગી સ્થળો, શાકભાજી, ફળફળાદિ, માંસ–માછલી વિગેરેના વેચાણ કરવા અર્થે ઈચ્છુક ઈસમોને પરવાના આપવાની કામગીરી.

- કમિશ્નરશ્રી ધ્વારા અવાર–નવાર સોંપવામાં આવતી અન્ય વહીવટી તેમજ આઉટડોર ફરજો.

### ❖ <u>મુખ્ય આરોગ્ય નિરીક્ષક (ઢોરત્રાસ અંકુશ વિભાગ)(હાલ જગ્યા ખાલી) :–</u>

- ઢોરપાર્ટીમાં ફરજ બજાવતા સુપરવાઈઝરી સ્ટાફ તથા સફાઈ કામદારોની હાજરીનું ચેકીગ કરવું, ઢોરપાર્ટી માટે પોલીસ બંદોબસ્ત મેળવવો, ઢોર ડબ્બાની સાફ–સફાઈ નિયમિત કરાવવી, ખાતાને મ્યુ. સદસ્યો, શહેરીજનો તથા અન્ય ઝોનના અધિકારી તરફથી મળતી ઢોર ત્રાસની લેખિત– ટેલીફોનીક ફરીયાદનો નિકાલ કરાવી તેના કોમ્પલાયન્સ રિપોર્ટ રજુ કરવા. મુદૃત વિતેલ ઢોરોને પાંજરાપોળ ખસેડવા, ઢોરો માટે ઘાસચારાની વ્યવસ્થા કરવી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના/આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

### ❖ <u>આરોગ્ય નિરીક્ષક (ઢોરત્રાસ અંકુશ વિભાગ) :–</u>

- ઢોર ડબ્બાનો તમામ પ્રકારનો દંડ વસુલ કરી ઢોર માલિકોને તેમના ઢોર પરત કરવા, દૈનિક ભરણું જમા કરાવવું, ડબ્બાની સાફ–સફાઈ કરાવવી, હાજરી પત્રક નિભાવવું, ઢોર પાર્ટી દ્વારા પકડવામાં આવેલ ઢોરને ઈયર ટેગ કરાવી, રજીસ્ટરમાં એન્ટ્રી કરાવવી, ઢોરોને

નિયમિત ઘાસચારો અને પાણી અપાવવા અને ઢોર ત્રાસની લેખિત– ટેલીફોનીક ફરીયાદનો નિકાલ કરાવી તેના કોમ્પલાયન્સ રિપોર્ટ રજુ કરવા.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ❖ <u>આરોગ્ય નિરીક્ષક (કતલખાના) :–</u>

- કતલખાનાની સાફ–સફાઈ કરાવવી, હાજરી પત્રક નિભાવવું, કતલખાનાનું ઓફેલ–લાદ વિગેરેનું કન્ટેનર નિયમિત ઉપડાવવું.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ❖ <u>મદદનીશ આરોગ્ય નિરીક્ષક (કેટલ પોન્ડ) :–</u>

- ઓફિસને મળેલ ઢોર ત્રાસની લેખિત અને ટેલીફોનીક ફરીયાદનો નિકાલ કરવો તેમજ રોજેરોજ અગાઉથી નકકી કર્યા મુજબના પોલીસ સ્ટેશનમાંથી પોલીસ બંદોબસ્ત મેળવી જે તે પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી રખડતા ઢોર પકડી પાડી ઢોર ડબબામાં પુરાવવા.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ❖ <u>મદદનીશ આરોગ્ય નિરીક્ષક (એનીમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ) :–</u>

- ભેસ્તાન ઢોર ડબ્બા ખાતે આવેલ એનીમલ બર્થ કંટ્રોલ સેન્ટરમાં એ.બી.સી. પ્રોગ્રામના કાર્યક્રમ માટે રોકવામાં આવેલ એજન્સીના માણસો અને વાહનને સાથે રાખી માર્કેટ ખાતાની હેડ કવાર્ટર ઓફિસ અને સુરત શહેરના વોર્ડવાઈઝ–ઝોનવાઇઝ વિવિધ વિસ્તારોમાં રખડતા કુતરાઓની ફરિયાદવાળા વિસ્તારની રૂબરુ મુલાકાત લઈ ફરિયાદીનો સંપર્ક કરી (ફીમેલ) કુતરીઓને પકડી પાડી તેમાં એ.બી.સી.પ્રોગ્રામ હેઠળ રસીકરણ–ખસીકરણ કરી પકડવામાં આવેલ મૂળ વિસ્તારમાં પરત છોડવાની કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

## ❖ <u>લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર (પશુધન નિરિક્ષક) (ઢોરત્રાસ અંકુશ વિભાગ) :–</u>

- શહેર હદ વિસ્તારમાં રખડતા ઢોરોને પકડતી વખતે કોઈ જાનવર બિમાર, ઈજાગ્રષ્ટ, અશકત, વયોવૃઘ્ધ કે વિયાયેલી કે વિયાવાની હોય તેવા જાનવરોની પકડાયતો ચકાસણી કરી ઢોર પકડવાની કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના/આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

❖ **<u>લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર (પશુધન નિરિક્ષક) (એનીમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ)</u>**:–

- ભેસ્તાન, સેન્ટ્રલ કેટલ પોડ ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા રોકવામાં આવેલ એજન્સી મારફત હાથ ધરાયેલ ABC/ARV ની રોજબરોજની કામગીરી ઉપર નિયમન, નિયંત્રણ, તેને લગતા તમામ રજીસ્ટરો, ડોગ કેનલમાં રાખવામાં આવેલ ડોગના સ્વાસ્થ ઉપર દેખરેખ, પોસ્ટ ઓપરેટીવ કેરમાં સંસ્થા દ્વારા રાખવામાં આવતી કાળજી, દેખરેખ અને ડોગ રીલિઝ પહેલા ડોકટર સાથે નિરીક્ષણ કરવું, પોસ્ટ ઓપરેટીવ કેર અથવા આઘાત લાગવાથી મરણ પામેલ કુતરાઓના રજીસ્ટર અને તેનો સંસ્થાના માણસો મારફત અંતિમ નિકાલ, ડોગ કેનલ અને તેના સંલગ્ન ઘટકોની દરરોજની સાફ–સફાઈ, એજન્સીના માણસો મારફત ડોગ કેનલ જંતુરહિત કરવાની કામગીરી, સેન્ટ્રલ કેટલ પૌડ ભેસ્તાનના પરિસર ઉપર દેખરેખ, ફરજ બજાવતા સુરક્ષા જવાનોની હાજરી વિગેરેની કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના/આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

❖ **<u>લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર (પશુધન નિરિક્ષક) :–</u>**

- ઢોર ડબ્બામાં રહેલ જાનવરો પૈકી બિમાર અને ઈજાગ્રષ્ટ જાનવરોની પ્રાથમિક સારવારની કામગીરી તેમજ જાનવરોનું સ્વસ્થતાની પ્રાથમિક તપાસની કામગીરી.

❖ **<u>હેડ કલાર્ક :–</u>**

- માર્કેટ ખાતાની મુખ્ય કચેરીને લગતી તમામ વહીવટી તેમજ આર. ટી. આઈ. ની કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના/આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

❖ <u>**સીનીયર કલાર્ક (હાલ જગ્યા ખાલી):–**</u>

- મહેકમ, એસ્ટાબ્લીશમેન્ટ, હિસાબીખાતાને લગતી સઘળી કામગીરી, ફરીયાદ અંગેના જવાબના ખરડા તૈયાર કરી ઉપરી અધિકારી સમક્ષ રજુ કરવા તેમજ ખાતાના વડા મારફત સોંપવામાં આવતી અન્ય પરચુરણ કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના/આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

❖ <u>**ત્રીજી શ્રેણી કલાર્ક**</u> **:–**

- બે ત્રીજી શ્રેણી કલાર્ક ભેસ્તાન મ્યુનિ. ઢોર ડબ્બા ખાતે કેટલ પોન્ડ ઈન્સ્પેકટર તરીકે ઢોર ડબ્બાના તમામ નિયમન અને નિયંત્રણ, પુરાયેલ ઢોરોને નિભાવવા, દૈનિક ધોરણે સાફ–સફાઈ કરાવવાની કામગીરી તેમજ પુરાયેલા ઢોરોને ઢોર માલીકોને પરત કરવાની કામગીરી.

- ચાર ત્રીજી શ્રેણી કલાર્ક ઢોર ત્રાસ અંકુશ વિભાગમાં કેટલ પાર્ટી ઈન્સ્પેકટર તરીકેની કામગીરી.

- બે ત્રીજી શ્રેણી કલાર્ક સલાબતપુરા કતલખાનામાં કતલખાના ઈન્સ્પેકટર તરીકેની કામગીરી.

- બે ત્રીજી શ્રેણી કલાર્ક માર્કેટ ખાતાની મુખ્ય કચેરીએ માર્કેટ અને કતલખાનાના નિભાવવામાં આવતા રજીસ્ટરો, ખાતા દ્વારા આપવામાં આવતા લાયસન્સ અને તેની રિન્યુઅલની, ભરણું કરવાની, આઉટવર્ડ– ઈન્વર્ડ, ટાઈપીંગ, તેમજ ખાતાના વડા મારફત સોંપવામાં આવતી અન્ય કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના/આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

❖ <u>**પટાવાળા**</u> **:–**

- બે પટાવાળા માર્કેટ ખાતાની મુખ્ય ઓફિસેથી પગાર મેળવી ફુડ વિભાગમાં ફરજ બજાવે છે. જયારે એક પટાવાળા સલાબતપુરા કતલખાના ખાતે તેમજ એક પટાવાળા માર્કેટ ખાતાની મુખ્ય કચેરીએ ફરજ બજાવે છે.

- જેઓ પાસે સંબંધિત અધિકારી અને સુપરવાઈઝરી સ્ટાફ ધ્વારા સોંપવામાં આવતી તમામ પ્રકારની કામગીરીનો સમાવેશ થાય છે.

❖ **<u>ડ્રાઈવર</u>** :–

- માર્કેટ / ઢોર ત્રાસ અંકુશ વિભાગમાં ફાળવવામાં આવેલ વાહનોને હંકારવા / નિભાવવાની કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

❖ **<u>મુકાદમ</u>** :–

- એક મુકાદમ માર્કેટ ખાતાની મુખ્ય ઓફિસેથી પગાર મેળવી સાઉથ–વેસ્ટઝોન(અઠવા)માં ફરજ બજાવે છે.

- એક મુકાદમ આરોગ્ય સેનીટેશનમાંથી પગાર મેળવી ભેસ્તાન ઢોરડબ્બા ખાતે પુરાયેલ ઢોરોને નિભાવવાની, ઢોર ડબ્બાની નિયમિત સાફ–સફાઈ અને ઢોર ડબ્બામાંથી નિકળતા ઘન કચરાનો ઉચિત નિકાલ તેમજ નધણિયાત ઢોરોને પાંજરાપોળ પહોંચાડવાની કામગીરી.

- ઢોર ત્રાસ અંકુશ વિભાગ, ઢોર ડબ્બા વિગેરેમાં કામ કરતા સફાઈ કામદારોની કામગીરી ઉપર દેખરેખ અંગેની કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.

❖ **<u>સફાઈ કામદાર</u>** :–

- ઢોર પાર્ટીમાં ઢોર પકડવાનું, ઢોર ડબ્બાની સાફ–સફાઈ, કતલખાનાની સાફ–સફાઈ અને જંતુમુકત કરવાની કામગીરી.

- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના / આદેશ મુજબની તમામ પ્રકારની કામગીરી.